# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-04-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## LPG ગેસ :

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા ઔષધીય, ખાદ્ય, ભારે ધાતુ, કૃષિ સહિતના ઉદ્યોગમાં LPG ગેસ પૂરવઠાને છૂટ અપાઈ છે. મંત્રાલયના સચિવ ડૉ. નીરજ મિત્તલે તમામ રાજ્યને પત્ર લખીને આ અંગે જાણ કરી છે. પત્રમાં આ ઉદ્યોગોને દિવસનો 0.2 TMT એટલે કે, 200 મૅટ્રિક ટન LPG ગૅસ આપવા છૂટ અપાઈ છે. તેના કારણે રાજ્યમાં સિરામિક, ડેરી સહિત અનેક ઉદ્યોગોને લાભ થશે.

**---------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રમંડળ રમતગમત :

રાષ્ટ્રમંડળ રમતગમતનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ગઈકાલથી ચાર દિવસ રાજ્યના પ્રવાસે છે. દરમિયાન આ મંડળ વર્ષ 2030માં રાજ્યમાં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ અને અભ્યાસ કરશે. તેમજ અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, E.K.A. ઍરિના સ્ટેડિયમ, વડોદરા ક્રિકેટ સ્ટેડિયમ તથા એકતાનગર સ્ટૅચ્યૂ ઑફ યુનિટી સહિતના મુખ્યસ્થળની મુલાકાત લેશે.

પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી. તેમને આ વર્ષે જુલાઈથી ઑગસ્ટ સુધી યોજાનારી રાષ્ટ્રમંડળ રમત માટે ગ્લાસ્ગો આવવા સત્તાવાર આમંત્રણ પણ આપ્યું.

**---------------------------------------------------------------------------------------------**

## 'શૌર્ય દિવસ'ની ઉજવણી :

1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતીય જવાનોના અપ્રતિમ સાહસને બિરદાવવા આજે કચ્છની સરદાર પોસ્ટ ખાતે 'શૌર્ય દિવસ'ની રાષ્ટ્રીય ઉજવણી કરાશે.

9 એપ્રિલ 1965ના રોજ પાકિસ્તાની સેનાના ‘ઓપરેશન ડેઝર્ટ હોક’ સામે કચ્છના રણમાં આવેલી સરદાર અને ટાક પોસ્ટ પર તૈનાત CRPFની બીજી બટાલિયન ટુકડીએ પછડાટ આપી એ ઘટનાને ૬૧ વર્ષ થયા.

પાકિસ્તાનના 3500 સૈનિકો સામે CRPFના માત્ર થોડા જવાનોએ 15 કલાક સુધી અડગ લડત આપી દુશ્મનોને ખદેડી દીધા હતા. આ ઐતિહાસિક લડાઈમાં 34 પાકિસ્તાની સૈનિકો ઠાર થયા હતા, જ્યારે ભારતના 7 જવાનોએ શહાદત વ્હોરી હતી. આજે સવારે 10 વાગ્યે સરદાર પોસ્ટ ખાતે ‘ગાર્ડ ઓફ ઓનર’ અને બેન્ડ પ્રદર્શન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. CRPF દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓ અને જવાનો ઉપસ્થિત રહી શહીદોના બલિદાનને નમન કરશે.

---

## કચ્છમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે સોમવારે જાહેરનામાની પ્રસિદ્ધિ બાદ પ્રથમ બે દિવસ ઉમેદવારી ફોર્મ ભર્યા વિનાના રહ્યા પછી ત્રીજા દિવસે છ ઉમેદવારીપત્રક ભરાયા હતા. ત્રીજા દિવસે વધુ 521 ફોર્મનો ઉપાડ થતાં ત્રણ દિવસમાં 1458 ફોર્મ ઉપડયાનું સત્તાવાર રીતે જારી કરાયેલા આંકડામાં જણાવાયું છે. ભુજ તાલુકા પંચાયત માટે બે અને સરહદી લખપત તાલુકા પંચાયત માટે ચાર ઉમેદવારી ફોર્મ ભરાતાં દાવેદારી નોંધાવવાના શ્રીગણેશ થયા છે.

ત્રીજા દિવસે ગાંધીધામ મહાનગરપાલિકા માટે 40, ભુજ નગરપાલિકા માટે 117, માંડવી સુધરાઇ માટે 120 મળી નગરપાલિકાઓ માટે 253, જિ. પંચાયત માટે 50 અને 9 તાલુકા પંચાયત માટે 178 મળી કુલ 521 ફોર્મ ઉપડયાં હોવાના અહેવાલ મળ્યા છે.

---

## RTE હેઠળ પ્રવેશની પ્રક્રિયા :

રાજ્યના આર્થિક રીતે નબળા અને વંચિત જૂથના બાળકો માટે શિક્ષણના અધિકાર RTE હેઠળ મફત પ્રવેશની પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા વાલીઓ આજથી ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ માટે રાજ્યમાં RTE હેઠળ કુલ ૮૪ હજારથી વધુ બેઠકો ઉપલબ્ધ છે. જેમાં, ગુજરાતી માધ્યમની શાળાઓમાં ૪૧, ૪૧૧ બેઠકો અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ૪૦, ૨૬૨ બેઠકોનો સમાવેશ થાય છે.

---

## આઈ પી એલ :

ગુજરાત ટાઇટન્સ ટીમે દિલ્હી કેપિટલને માત્ર એક રને હરાવી પ્રવર્તમાન આઈપીએલની શ્રેણીમાં પ્રથમ જીત મેળવી છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમના 4 વિકેટે 210 રનના જવાબમાં દિલ્હીની ટીમ આઠ વિકેટ ગુમાવી 209 રન કરી શકી હતી. દિલ્હી ટીમના કે એલ રાહુલે 92 રન, નિશંકાએ 41 રન જ્યારે ડેવિડ મિલર પણ 41 રન કરી નોટ આઉટ રહ્યા હતા.

એ અગાઉ, ગુજરાતની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટના ભોગે 210 રન કર્યા હતા. સુકાની શુભમન ગિલે સૌથી વધુ 70 રન, જ્યારે વોશિંગ્ટન સુંદરે 55 અને જોશ બટલર એ 52 રન કર્યા હતા.

---

## હવામાન :

રાજ્યમાં આજથી ગરમી વધવાની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં હાલ ત્રણ ચક્રવાતી પરિભ્રમણ સક્રિય હોવાથી પવનની ગતિ સામાન્ય રહેશે.

દરમ્યાન, જીલ્લામાં ગઈ કાલે પવનની ગતિ મંદ પડતા ભુજ અને કંડલામાં પારો ૩૬ ડીગ્રીની નજીક પહોચ્યો હતો. રાજ્યમાં કચ્છના આ બંને નગરો ચોથા નંબરનાં ગરમ મથક બન્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------------